(12)

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૯/7482-7550
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર -૨૧, ગાંધીનગર
તા.૨૧/ ૧૧ /૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર કામગીરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2019-20 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની તેમજ રીન્યુયલ (૨૦૧૫ થી ૨૦૧૭ સુધી-ધોરણ ૧૦ થી ૧૨) ની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઑફીસર (પ્રાથમિક અને માધ્યમિક કચેરીના) અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઑર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રક્રીયા કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે.

આથી જણાવવાનું કે તારીખ:-૧૮/૧૧/૨૦૧૯ ના રોજ યોજાયેલ MHRD ની વિડીયો કોન્ફરન્સમાં મળેલ સુચના અન્વયે ગુજરાત રાજયના ૨૦૦૦ બાળકોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન (ફ્રેશનું), જો કોઇ એપ્લીકેશન શાળા કે જિલ્લા કક્ષાએથી ડિફેક્ટ કરેલ હોય તેવી એપ્લીકેશન અને વેરીફીકેશન અલગ અલગ જગ્યાએ બાકી છે તેવી સુચના અત્રેની કચેરીને મળેલ છે. NSP પોર્ટલ ખાતે રજીસ્ટ્રેશન (ફ્રેશનું) જો કોઇ એપ્લીકેશન શાળા કે જિલ્લા કક્ષાએથી ડિફેક્ટ કરેલ હોય તેવી એપ્લીકેશન અને વેરીફીકેશનની તારીખ:-30/૧૧/૨૦૧૯ સુધી લંબાવેલ છે જેથી જે કોઇ બાળકોનું રજીસ્ટ્રેશન (ફ્રેશનું) કે વેરીફીકેશન બાકી હોય અને NMMS ની ગાઇડ લાઇનમાં આવતુ હોય તેવુ પાત્રતા ધરાવતું બાળક શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તેની કાળજી લઇ બાકી કામગીરી સત્વરે પુર્ણ કરવા જણાવવામાં આવે છે. જે શાળાઓના ડાયસ કોડનું ડુપ્લિકેશન હતુ તે યોગ્ય કરી દેવામાં આવેલ છે આ અંગેની સુચના MHRD દ્વારા અત્રેને મળેલ છે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારુ.

Scanned by CamScanner

ક્રમાંક/ ૪૮૦૫૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૨૫/૧૧/૨૦૨૧

- નકલ રવાના માહિતી તથા અમલ સારું

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા.
ઉ.મા શાળાઓ તમામ.

Scanned by CamScanner